**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(ક) નીચેના શબ્દોના અર્થ લખો :**

૧) ઉદ્દવિયા, ૨) મહિયા ૩) જોગં ૪) લોગ પઈવાણં

જવાબ : (ક) ૧) ઉદ્દવિયા = ધ્રાસ્કો પમાડ્યો હોય. ૨) મહિયા = ભાવ (મન)થી પૂજિત.
૩) જોગં = કાર્યોનો (૪) લોગ પઈવાણં = લોકમાં દીપક સમાન

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો (૬ માંથી કોઈ પણ પાંચ)**

(૧) ઉત્કાલિક સૂત્રો કેટલાં ? કયા કયા ?

જવાબ : (ખ) (૧) ઉત્કાલિક સૂત્રો = ૮. ૧) ઉવવાઈ સૂત્ર ૨) રાયપસેણીય સૂત્ર ૩) જીવાભિગમ સૂત્ર ૪) પ્રજ્ઞાપના સૂત્ર ૫) સૂર્યપ્રજ્ઞાપ્તિ સૂત્ર ૬) દશવૈકાલિક સૂત્ર ૭) નંદી સૂત્ર ૮) અનુયોગ દ્વાર સૂત્ર

(૨) જીવાભિગમ સૂત્રમાં શેનું વર્ણન છે ? આગમ શૈલી કઈ છે ? તેના રચયિતા કોણ છે ?

જ. (૨) જીવાભિગમમાં જીવ-અજીવના ભેદ-પ્રભેદ, રૂપી પુદ્ગલ તથા અરૂપી જીવનું વર્ણન છે. આગમ-શૈલી- પ્રતિપતિ છે. તેના રચયિતા અજ્ઞાત નામાચાર્ય છે.

(૩) યૂપક અસ્વાધ્યાય સમજાવો.

જ. (૩) યૂપક આકાશ સંબંધી અસ્વાધ્યાય છે. તે બાલચંદ્રની, શુક્લપક્ષ રાત્રિની પ્રથમ પ્રહરની છે. સૂર્યની સંધ્યાની પ્રભાનું અને ચંદ્રની પ્રભાનું એકીસાથે હોવું એટલે કે મિશ્રણ થવું તે યૂપક છે. જે દિવસોમાં સંધ્યાની પ્રભા અને ચંદ્રની પ્રભા આવૃત્ત (એકબીજા ઉપર આવે) થઈ જાય છે તે સંધ્યા છેદાવરણ (યૂપક) છે. કોઈ એકમ, બીજ અને ત્રીજની અથવા કોઈ માત્ર બીજની એક પ્રહરની જ અસજ્ઝાય માને છે.

(૪) અસજ્ઝાય એટલે શું ?

જ. (૪) અસજ્ઝાય એટલે અસ્વાધ્યાય. જે કાળમાં આગમસૂત્રોના પાઠની ૧) વાંચના, ૨) પરિયટ્ટણા કરી શકાય નહિ, પરંતુ ૩) પુચ્છણા ૪) ધર્મકથા ૫) અનુપ્રેક્ષા કરી શકાય.

(૫) કાઉસગ્ગ શા માટે કરવામાં આવે છે ?

જ. (૫) ૧) પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે, ૨) આત્માને વિશેષ શુદ્ધ કરવા માટે ૩) પાપ-કર્મોનો નાશ કરવા માટે (૪) શલ્યોથી રહિત થવા માટે કાઉસગ્ગ કરાવવામાં આવે છે.

(૬) શક્રસ્તવ અને પ્રણિપાત સૂત્ર એટલે શું ?

જ. (૬) શક્રસ્તવ = શકેન્દ્ર આદિ ઈન્દ્રો જિનેશ્વર દેવની સ્તુતિ કરે ત્યારે આ પાઠ બોલે છે. માટે તેને શક્રસ્તવ કહે છે. પ્રણિપાત સૂત્ર - પ્રણિપાત એટલે વિશેષ નમસ્કાર...

(ગ) મન, વચન અને કાયાનો ત્રીજો દોષ અર્થ સાથે લખો.

જવાબ : (ગ) મનનો ત્રીજો દોષ - લાભાર્થ = ધન આદિના લાભની ભાવના કરવી.
વચનનો ત્રીજો દોષ - સ્વચ્છંદ = રાગ-દ્વેષવર્ધક અને ધર્મ વિરુદ્ધ જેમ તેમ બોલવું અથવા રાગ ઉત્પન્ન થાય તેવા સાંસારિક ગીત-ગાયનાદિ ગાવાં.
કાયાનો ત્રીજો દોષ - ચલદષ્ટિ = દષ્ટિને સ્થિર ન રાખે, આમ તેમ જોવું.

---

**પ્ર. : ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) વંદનનો પ્રતિભાવ ભગવાન ન આપે ત્યારે માણસો કેવું વર્તન કરતા ?

જવાબઃ ૨ (૧) કોઈ વંદન કરે તો પણ ભગવાન પોતાના ધ્યાનમાં લીન રહેતા અને તેઓ સાથે બોલતા ન હતા. એ જ કારણે ક્યારેક ક્રોધિત થઈ કોઈ પુણ્યહીન વ્યક્તિ ભગવાનને દંડાથી મારતા અને કેશને ખેંચતા, શરીરને ઈજા પહોંચાડતા.

(૨) આ અધ્યયનનો ઉપસંહાર લખો.

જ. (૨) જ્ઞાનવાન, મહામારણ (અહિંસક), કાશ્યપગોત્રીય મહર્ષિ ભગવાન મહાવીરે આ રીતે નિયાણારહિત સંયમવિધિનું આચરણ કર્યું હતું તેથી અન્ય મોક્ષમાર્ગીયઓએ પણ આ વિધિનું આચરણ કરવું જોઈએ એમ ભગવાને કહ્યું છે.

(૩) ભગવાનની દીક્ષા તિથિ લખો. આચારાંગ સૂત્રના અધ્યયન ૯નું નામ લખો.

જ. (૩) હેમંત ઋતુમાં કારતક વદ દશમ (શાસ્ત્રીય માગશર વદ દશમ) ઉપધાન શ્રુત.

---

**પ્ર. : ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (છમાંથી કોઈ પણ પાંચ)**

(૧) અધર્મ પ્રતિમા અને ધર્મ પ્રતિમાથી આત્માને શું લાભ થાય ?

**જવાબઃ ૩ (૧) અધર્મ પ્રતિમા એક છે, જેનાથી આત્મા પરિકલેશ (દુખ)ને પામે છે. ધર્મ પ્રતિમા એક છે, જેનાથી આત્મા પુષ્ટ થાય છે.**

(૨) ગર્ભવ્યુત્ક્રાંતિ એટલે શું ? તે ક્યા જીવોમાં હોય છે ?

**જ. (૨) માતાના ગર્ભથી જન્મ થાય તે ગર્ભવ્યુત્ક્રાંતિ તે સંજ્ઞી મનુ. અને સંજ્ઞી તિ. પંચે.માં હોય.**

(૩) કેવલી આરાધના કેટલા પ્રકારની છે ? કઈ કઈ ?

**જ. (૩) કેવલી આરાધના બે પ્રકારની ૧) અંતક્રિયા રૂપ ૨) કલ્પ વિમાનોમાં ઉત્પન્ન થવાવાળાની.**

(૪) પ્રત્યાખ્યાનના પ્રકાર લખો.

**જ. (૪) પ્રત્યાખ્યાનના બે પ્રકાર : ૧) કેટલાક લોકો મનથી પ્રત્યાખ્યાન (અશુભ કાર્યોનો ત્યાગ) કરે છે. ૨) કેટલાક લોકો વચનથી પ્રત્યાખ્યાન કરે છે.**

**અથવા ૧) કેટલાક લોકો લાંબા કાળ (જાવજીવ)ના પત્યાખ્યાનથી કરે છે.**
**૨) કેટલાક લોકો અલ્પ કાળન પ્રત્યાખ્યાન કરે છે.**

(૫) જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર દક્ષિણમાં કયા કુરુ આવેલા છે ? તેમાં ક્યા વૃક્ષ છે ?

**જ. (૫) જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર-દક્ષિણમાં બે કુરુ કહ્યા છે. ૧) ઉત્તરમાં ઉત્તર ગુરુ - તેમાં સુદર્શન જંબૂ નામે અતિવિશાળ મહાવૃક્ષ છે. ૨) દક્ષિણમાં દેવકુરુ, તેમાં કૂટ શાલ્મલી અતિવિશાળ મહાવૃક્ષ છે. તે બંને વૃક્ષો પ્રમાણ આદિ દષ્ટિએ સમાન છે.**

(૬) કર્મના પ્રકાર લખો

**જ. (૬) કર્મ બે પ્રકારના છે : ૧) પ્રદેશ કર્મ ! કર્મ પરમાણુની સંખ્યા પરિમાણ - જે કર્મો માત્ર પ્રદેશથી વેદાય, ફળનું વેદન ન થાય તે. ૨) અનુભાગ કર્મ : કર્મની ફળ આપવાની શક્તિ. જે કર્મોનો અવશ્ય વિપાકોદય થાય તે, જે કર્મો પોતાના ફળનો અનુભવ કરાવે તે.**

---

**પ્રશ્ન : ૪. જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) રક્ષિકાએ પાંચ દાણાનું શું કર્યું ?

**જવાબઃ ૪ (૧) રક્ષિકાએ પાંચ દાણાને શુદ્ધ વસ્ત્રમાં બાંધ્યા. બાંધીને રત્નોની ડબ્બીમાં મૂકીને ઓશિકાની નીચે મુકીને સવારે, બપોરે અને સાંજે આ ત્રણે સંધ્યા સમયે તેની સંભાળ લેતી હતી.**

(૨) ઉજ્ઝિકા જેવા સાધુ-સાધ્વીની સંસારમાં કેવી દશા થાય છે ?

**જ. (૨) ઉજ્ઝિકા જેવા સાધુ-સાધ્વી દીક્ષા લઈને પાંચ દાણાની સમાન પાંચ મહાવ્રતોનો પરિત્યાગ કરે છે. તે આ ભવમાં ઘણાં શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ દ્વારા હિલનીય, નિંદનીય બને છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.**

(૩) અધ્યયન - ૭નું નામ લખો અને ચંદ્રનું અધ્યયન કેટલામું છે ?

**જ. (૩) અધ્યયન - ૭ રોહિણી જ્ઞાત, ચંદ્રનું અધ્યયન-૧૦મું છે.**

(૪) ધન્ય સાર્થવાહના કેટલા પુત્ર હતા ? તેમના નામ લખો.

**જ. (૪) ચાર પુત્રો હતા. (૧) ધનપાલ (૨) ધનદેવ (૩) ધનગોપ (૪) ધનરક્ષિત**

(૫) ધન્ય સાર્થવાહની પત્નીનું નામ લખો. તે કેવી હતી ?

**જ. (૫) ભદ્રા તે પાંચ ઈન્દ્રિયો અને શરીરના પરિપૂર્ણ અવયવોવાળી હતી તથા સુંદર રૂપવાળી હતી.** (૬)ભગવાન મહાવીર કઈ નગરીના કયા ઉદ્યાનમાં પધાર્યા ? ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને શું પ્રશ્ન કર્યો ?

**જ. (૬) ભગવાન મહાવીર રાજગૃહ નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. પ્રશ્ન - હે ભગવાન ! જીવ કયા કારણે વૃદ્ધિને પામે છે અને કયા કારણે હાનિને પામે છે ?**

---

**પ્ર. : ૫. (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવબ લખો :**

(૧) આનંદ શ્રાવકની દાળ, શાક, ઘી અને વહાણની મર્યાદા લખો.

**જવાબઃ૫ (ક) (૧) શાક બથવાની ભાજી, સૂવા, પાલક, ભીંડો અને દૂધી સિવાયના શાકનો ત્યાગ. દાળની મર્યાદા : ચણાના સૂપ, મગના સૂપ અને અડદના સૂપ સિવાય બાકીની બધી દાળનો ત્યાગ. શરદ ઋતુના ગાયના સારભૂત સિવાય બાકીના ઘીનો ત્યાગ.**

વહાણની દેશાન્તરમાં મોકલવા (યાત્રા માટે યોગ્ય ચાર વહાણો તથા માલ લાવવા-લઈ જવા માટે ચાર વહાણો સિવાય બાકીના વહાણોના પચ્ચક્ખાણ.)

(૨) ભગવાનનો ધર્મ ઉપદેશ સાંભળી આનંદ શ્રાવક શું બોલ્યા ?

જ. (૨) ભગવાનનો ધર્મઉપદેશ સાંભળી, અવધારી પ્રસન્ન થઈ આનંદ શ્રાવક બોલ્યાઃ ''હે ભગવાન ! નિર્ગ્રંથ પ્રવચન પર હું શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરું છું. ભગવાન ! તમે કહો છો તેમ જ છે, તે જ સત્ય છે મને ઈષ્ટ છે, મને સ્વીકાર્ય છે, ઈચ્છિત અને પ્રતિઈચ્છિત છે. હે ભગવાન ! જેમ આપની પાસે ઘણા રાજા વગેરે મુંડિત થઈ ગૃહવાસથી નીકળી મુનિ થયા તેવી રીતે હું દીક્ષા લેવા સમર્થ નથી. હુંતો આપની પાસે પાંચ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત એમ બાર પ્રકારના વ્રતરૂપ ગૃહસ્થધર્મ સ્વીકાર કરીશ.

(૩) ઈન્દ્રભૂતિ અણગાર કેવા હતા ?

જ. (૩) શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયેષ્ઠ અંતેવાસી શિષ્ય ગૌતમ ગૌત્રીય, ૭ હાથ અવગાહનાવાળા સમચતુસ્ત્ર સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણી સુવર્ણની કસોટી પર ઘસેલા સુવર્ણની રેખા જેવા ગૌરવ વર્ણવાળા, કઠોર તપવાળા, તેજસ્વી તપવાળા, ઉદાર, અખંડ બ્રહ્મચર્યના ધારક, શરીરના મમત્વનો ત્યાગ કરનાર, પોતાની વિપુલ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરી રાખનાર, નિરંતર છઠ્ઠના પારણે છઠ્ઠના તપસ્વી, સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરી વિચરતા હતા.

**(ખ) અંતગડ દશાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) કોણિક રાજાની સરખામણી કોની કોની સાથે થઈ છે ? ફક્ત નામ લખો.

(૨) <u>શબ્દનો અર્થ સમજાવો :</u> ૧) કૌટુંબિક ૨) તલવાર ૩) ઈભ્ય

(૩) ગુણરત્ન સંવત્સર તપના દિવસો કેટલા ? તેમાં તપના અને પારણાના દિવસ કેટલા ?

જવાબ (ખ) (૧) મેરુપર્વત, મહાહિમવાન પર્વત, મહામલય પર્વત.

જ. (૨) કૌટુંબિક : કુટુંબના સ્વામી, ૨) તલવર = રાજાના કૃપાપાત્ર = ઊંચી પદવી મેળવેલ ૩) ઈભ્ય = અંબાડી સહિતના હાથીના જેટલો સોનાનો ઢગલો ઢાંકી દે તેવા.

---

**પ્ર. : ૬. અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) <u>આંકડામાં લખો :</u> જાલિકુમારનો શ્રમણ પર્યાય. ૨) જાલિદેવનું આયુષ્ય ૩) જાલિકુમારની કળાઓનું અધ્યયન ૪) અનુત્તરોવવાઈ સૂત્રના વર્ગ

જવાબઃ ૬ (૧) ૧૬ વર્ષ ૨) ૩૨ સાગરોપમ ૩) ૭૨ કળા, ૪) ૩ વર્ગ

(૨) અનુત્તરોવવાઈના પ્રથમ વર્ગના ૧૦ અધ્યયનમાંથી છેલ્લા ૪ અધ્યયનના નામ લખો.

જ. (૨) લષ્ટદંતકુમાર, વેહલ્લકુમાર, વેહાયસકુમાર, અભયકુમાર

(૩) જાલિકુમાર દેવ તરીકે કયા વિમાનમાં ઉત્પન્ન થયા ? ત્યાં તેમની સ્થિતિ કેટલી છે ?

જ. (૩) વિજય નામના અનુત્તર વિમાનમાં. ૩૨ સાગરોપમ.

---

**પ્ર. : ૭. દશ વૈકાલિક સૂત્રના આધારે કડી પૂર્ણ કરો અને ભાવાર્થ લખો (શબ્દ નહીં) - કોઈ પણ પાંચ લખો :**

૧) એમેએ .......... રયા. ૨) પક્ખંદે .......... અગંધણે
૩) ખવિત્તા.......... પરિનિવ્વુડા ૪) ઉદ્ધં .......... ઉદાહુ
૫) ઠિઈણ .......... નાણી. ૬) મહુગારસમા ....... સાહુણો

જવાબઃ ૭ (૧) એમેએ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો ।
વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે રયા ॥૩॥
તે જ પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો સાધુ છે, તે દાતા પાસેથી એષણિક ૪૨ દોષરહિત આહાર-પાણી શોધવામાં રત (લીન) રહે છે, જેમ ભમરો પુષ્પોના રસમાં રસ રહે છે

(૨) પક્ખંદે જલિયં જોઈં, ધૂમકેતુ દુરાસયં ॥
નેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અંગધણે ॥૬॥
'અંગધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો, દુસહ્ય, અતિ પ્રજવલિત અને જેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા છે તેવી પ્રચંડ અગ્નિમાં પડવું પસંદ કરે છે, પણ વમેલા વિષને ફરીથી પીવા ઈચ્છતા નથી.

(૩) ખવિત્તા પુવ્વકમ્માઈં,, સંજમેણ તવેણય
સિદ્ધિં મગ્ગમણુપ્પત્તા, તાઈણો પરિનિવ્વુડા ॥૫॥ ત્તિબેમિ ॥
સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત સર્વ કમોનો ક્ષય કરીને, સમ્યગ્દર્શન દ્વારા મોક્ષમાર્ગ પ્રાપ્ત કરીને, છ'કાયના જીવોના રક્ષક બનીને નિર્વાણને (મોક્ષને) પામે છે. શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે કેઃ હે આયુષ્યમાન જંબૂ! જેવું મેં ભગવાન મહાવીરસ્વામી પાસે સાંભળ્યું છે, તેવું જ હું તમને કહું છું.''

(૪) ઉઙ્ઢં અહે યં તિરિયં દિસાસુ, તસાય જે થાવર જેય પાણા ।
સે ણિચ્ચણિચ્ચેહિ સમિક્ખપણ્ણે, દીવે વ ધમ્મં સમિય ઉદાહુ ॥૪॥
પ્રજ્ઞાવંત ભગવાન મહાવીરે ઉપર, નીચે તથા તિરછી દિશામાં રહેલા ત્રસ તથા સ્થાવર પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય જાણીને, પદાર્થોને પ્રકાશિત કરનાર સમ્યગ્ ધર્મનું કથન કરેલ હતું.

(૫) ઠિઈણ સેbા લવ સત્તમા વા, સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠ ।
નિવ્વાણ સેટ્ઠા જહ સવ્વધમ્મા, ન નાયપુત્તા પરમત્થિ નાણી ॥૨૪॥
લાંબી અને શુભ સ્થિતિવાળા દેવોમાં લવ સપ્તમ દેવો (પાંચ અનુત્તરવાસી દેવો), સભાઓમાં સૌધર્મ સભા અને સર્વ ધર્મોમાં જેમ નિર્વાણ-મોક્ષમાર્ગ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્ર મહાવીરથી પરમશ્રેષ્ઠ જ્ઞાની બીજા કોઈ નથી.

(૬) મહુગાર સમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિયા
નાણાપિંડરયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥ ત્તિ બેમિ ॥
**ભાવાર્થ :** જ્ઞાની પુરુષો મધુકર-ભમરા જેવા અનિશ્ચિત હોય છે. જુદા જુદા ઘરેમાંથી થોડો આહાર લેવામાં રત રહે છે. જે પોતાની ઈન્દ્રિયો અને મનનું દમન કરે છે તે જ સાધુ કહેવાય છે. શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે,
હે આયુષ્યમાન જંબૂ ......

---

**પ્ર. : ૮. ભગવતી સૂત્રના આધારે ઉત્તર આપો :**

(૧) ગ્રહના દેવનું અને વિજયના દેવનું સુખ કોણ ઉલ્લંઘી જાય ?

**જવાબઃ ૮** (૧) ગ્રહના દેવ = ૪ માસ નિર્મળ સંયમ પાળવાથી.
વિજયના દેવ = ૧૨ માસ નિર્મળ સંયમ પાળવાથી

(૨) શ્રમણ નિર્ગ્રંથના સુખની તુલ્યતા બતાવવાનું કારણ શું ?

**જ.** (૨) શ્રમણ નિર્ગ્રંથ (સાધુ)ના સુખ એ મોહનીય કર્મના વિજયથી પ્રાપ્ત થતાં આત્મિક સુખ છે. ભૌતિક સુખોની સાથે આ સુખોની કોઈ તુલના થઈ શકતી નથી, છતાં પણ શ્રમણ નિર્ગ્રંથનાં સુખોની અનુત્તરતા, અનુપમતા અને અણમોલતા માટે જિનેશ્વર ભગવંતે ભાવ બતાવ્યા છે.

(૩) ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ સશરીરી ઉત્પન્ન થાય છે કે અશરીરી ઉત્પન્ન થાય છે ?

**જ.** (૩) ઔદારિક, વૈક્રિય અને આહારક આ ત્રણ શરીરની અપેક્ષા શરીરરહિત ઉત્પન્ન થાય છે કારણ કે આ ત્રણે શરીર જીવ ઉત્પન્ન થયા પછી ઉત્પન્ન થાય છે. તેજસ શરીર અને કાર્મણ શરીરની અપેક્ષા શરીર સહિત ઉત્પન્ન થાય છે કારણ કે આ બંને શરીર પરભવમાં જીવની સાથે રહે છે અને તેમનો જીવની સાથે અનાદિથી સંબંધ છે.

(૪) ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ ઇન્દ્રિયસહિત ઉત્પન્ન થાય છે કે ઇન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે ?

**જ.** (૪) દ્રવ્યેન્દ્રિય કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ ઈન્દ્રિયોની અપેક્ષા ઈન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે કારણ કે દ્રવ્યથી ઈન્દ્રિયો શરીર સાથે સંબંધ રાખે છે અને ભવેન્દ્રિયોની અપેક્ષા ઈન્દ્રિયો સહિત ઉત્પન્ન થાય છે.

(૫) ગર્ભનો જીવ સર્વપ્રથમ કયો આહાર લે છે ? ગર્ભમાં જીવ કેવી રીતે રહે છે ?

**જ.** (૫) માતાના લોહી અને પિતાના વીર્યનો સર્વ પ્રથમ આહાર લે છે. પછી માતા જેવો આહાર કરે છે તેનો એક દેશ (ભાગ) આહાર ગર્ભમાં રહેલો જીવ પણ કરે છે. કારણ કે માતાની નાડીનો ગર્ભસ્થ જીવની સાથે સંબંધ છે. ગર્ભમાં જીવ સમચિત્ત પણ રહે છે. પસવાડેથી પણ રહે છે અને અધોમૂખથી પણ રહે છે.

(૬) ગર્ભમાં મૃત્યુ પામેલ જીવ શું નરકમાં ઉત્પન્ન થઈ શકે છે ?

**જ.** (૬) કોઈ જીવ નરકમાં ઉત્પન્ન થાય છે, કોઈ નથી થતા.

---

**પ્ર. : ૯. પન્નવણા સૂત્રના અધારો ઉત્તર આપો :**

(૧) શ્વાસોચ્છ્વાસ કાળ લખો : ૧) સુભદ્રે ૨) મહાશુક્ર ૩) નક્ષત્રદેવ ૪) વિજયંત વિમાન

**જવાબ : ૯**

| | | જઘન્ય | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૧) | સુભદ્રે | ૨૩ પક્ષે | ૨૪ પક્ષે |
| ૨) | મહાશુક | ૧૪ પક્ષે | ૧૭ પક્ષે |
| ૩) | નક્ષત્ર દેવ | પ્રત્યેક મુહૂર્ત | પ્રત્યેક મુહૂર્ત |
| ૪) | વિજયંત વિમાન | ૩૧ પક્ષે | ૩૩ પક્ષે |

(૨) જઘન્ય ૩૦૦ દિવસે શ્વાસ કોણ લે છે ? ઉત્કૃષ્ટ ૪૯૫ દિવસે શ્વાસ કોણ લે છે ?

**જ. (૨) જઘન્ય ૩૦૦ દિવસે - ૧૧મું દેવલોકના દેવ.**
**ઉત્કૃષ્ટ ૪૯૫ દિવસે - પાંચમા અનુત્તરના દેવ.**

(૩) ખાલી જગ્યા પૂરો :

**જવાબ સાથે**

અ) સંજ્ઞાનું અસ્તિત્વ ... **છઠ્ઠા** ગુણસ્થાન સુધી હોય છે.

બ) ૨૪ દંડકમાં **દશે-દશ** સંજ્ઞા હોય છે.

ક) વેદ મોહ કર્મના ઉદયથી **મૈથુન** સંજ્ઞા ઉપજે.

ડ) શૂન્યચિત્તે વિલાપ કરે તે **ઓઘ** સંજ્ઞા.

(૪) કાળ વેદના અને નિદા વેદના કેટલા દંડકમાં હોય ?

**જ. (૪) કાળ વેદના - ૨૪ દંડકમાં**
**નિદા વેદના - ૧૬ દંડક સંજ્ઞીના**

---

**પ્રશ્ન : ૧૦. આગમ પરંપરાના આધારે જવાબ આપો :**

(૧) મથુરા વાચના લખો.

**જ. (૧) મથુરા સંમેલન (મથુરા વાચના) - વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ વર્ષ**
**પૂ. સ્કંદિલાચાર્યના નેતૃત્વમાં સંમેલન થયું**

(૨ નવમા, અગિયારમા અને તેરમા પૂર્વનું નામ અને વિષય લખો.

**જ. (૨) નવમા પૂર્વ - પ્રત્યાખ્યાન પ્રવાહ પૂર્વ - પ્રત્યાખ્યાનનું પ્રતિપાદન**
**૧૧મા પૂર્વ - અવંધ્ય પૂર્વ - શુભાશુભ ફળનું વર્ણન**
**૧૩મા પૂર્વ - ક્રિયા વિશાલ પર્વ - ક્રિયાનું વ્યાખ્યાન, વિવેચન**

(૩) ભગવતી સૂત્રની ટીકામાં કયો વૈજ્ઞાનિક સિદ્ધાંત સમાયેલો છે ?

**જ. (૩) વૈજ્ઞાનિક સિદ્ધાંત : પથ્થરમાં ગુરતા હોવાથી નીચે પડે છે. ધુમાડામાં લઘુતા હોવાથી ઊંચે જાય છે. વાયુમાં ગુરુતા-લઘુતા બંને હોવાથી તિરછી જાય છે.**

**॥ જય જિનેન્દ્ર ॥**